# અક્રમ યુથ

ડિસેમ્બર ૨૦૨૪ ગુજરાતી

દાદા ભગવાન પરિવાર

₹20

## પરોપકાર માટે જીવન



# અનુક્રમણિકા


4 ચેરિટિ બીગિન્સ ફ્રોમ હોમ

8 પારકા માટે જીવવું એટલે...

10 એન્ટિક ફાનસ

16 લોકસેવા, બીગિન્સ ફ્રોમ હોમ !

20 દાદાશ્રી કાયમ પારકા માટે વિચારતા

23 કવિતા



વર્ષ: ૧૨, અંક : ૮
સળંગ અંક : ૧૪૦
ડિસેમ્બર ૨૦૨૪



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી - ડિમ્પલ મહેતા**

**Printer & Published by**
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Owned by & Published from :**
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gndhinagar

**Printed at :**
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhtral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.



© 2024, Dada Bhagwan Foundation.
All Rights Reserved



Total 24 Pages with Cover page



# સંપાદકીય

આપણે સાંભળતા આવ્યા છીએ કે પોતાનું જ નહીં, બીજા માટે પણ વિચારવું જોઈએ. પરોપકાર માટે જીવન ગાળવું જોઈએ. પણ શા માટે ? આપણને પહેલા એવો વિચાર આવે કે "આટલી બિઝી લાઈફમાં હું-મારું કરું કે બીજા માટે વિચારું ?"

પણ ખરેખર, જેમ અગરબત્તી પોતે બળે છે પણ સુગંધ બીજાને આપે છે, તેમ પારકા માટે જીવે તેવા લોકોની સુગંધી પણ સમાજમાં ચારેકોર ફેલાય છે. જેમ સૂર્ય પોતે તપીને પણ કેટલાય જીવોને પોષણ આપે છે, તેમ પારકા માટે કરેલું કામ બીજાને મદદરૂપ થાય છે. એટલું જ નહીં, બીજાનું કરી છૂટવાથી આપણું સુખ ઓછું નથી થતું, ઊલટું પોતાનું જે કંઈ છે એ બીજાને આપવાથી સંસારમાં સુખ વધે છે.

એની શરૂઆત આપણે બહારથી નહીં પણ ઘરથી જ કરવાની છે. ઘરમાં મમ્મી-પપ્પાને, ઘરડા દાદા-દાદીને કે નજીકના રહેતા આડોશ-પાડોશમાં મદદ કરવાથી પણ એવો જ આનંદ મળે છે. આપણા વાચક મિત્રોને આ અંક વાંચીને પારકા માટે કંઈક કરી છૂટવાનો સંકલ્પ થાય તેવી ભાવના સાથે,

**જય સચ્ચિદાનંદ**

**- ડિમ્પલભાઈ મહેતા**



# ચેરિટિ બીગિન્સ ફ્રોમ હોમ

આ વાત તો અદિતિની છે પણ આપણને બંધ બેસે તો પોતાના ઉપર લેવામાં જરાય વાંધો નથી. ભણવામાં હોશિયાર અદિતિને, ગમતી કોલેજમાં એડમિશન મળ્યું એટલે અહીં, બહારગામ માશીને ઘેર રહીને ભણવા માટે આવી હતી.

કોલેજ શરૂ થતા થોડાં જ દિવસમાં, ક્લાસમાં અને કેમ્પસમાં અદિતિ પોપ્યુલર થઈ ગઈ. જો કે સ્કૂલમાં પણ એવું જ હતું. એક તો એ સ્માર્ટ, ભણવામાં હોશિયાર અને સ્વભાવે હસમુખી અને મળતાવડી. એને બધા સાથે ફાવે. કોઈને પણ જરૂર હોય, ભણવામાં કે બીજી અન્ય બધી રીતે હેલ્પ કરવામાં એ આગળ. કોલેજના પ્રોફેસર્સને માટે પણ એ એટલી જ હેલ્પફૂલ. ઈન શોર્ટ, કોઈને પણ, કંઈ પણ મૂંઝવણ કે તકલીફ હોય, તો ‘અદિતિ હેલ્પલાઈન’ હંમેશાં તૈયાર જ હોય. કોઈને એસાઈનમેન્ટસમાં, તો કોઈને પ્રોજેક્ટમાં, તો કોઈને ટેસ્ટની તૈયારીઓ કરાવવામાં મદદની જરૂર હોય તો, અદિતિ હોંશે હોંશે હાજર. કોઈને મદદ કરવામાં ગમે તેટલા એડજસ્ટમેન્ટ્સ લેવા પડે તો પણ એ લેતી. એમાં મળતા વખાણ, વાહવાહી અને એનાથી બનતી નામનાનો નશો એને ખૂબ ગમતો. લોકોના ‘થેંક્સ’ સામે ગર્વથી ‘એની ટાઈમ’ કહેતી.

શનિ-રવિની રજામાં પોતાના ઘેર ગઈ હતી. ત્યાંથી માશીને ઘેર પાછી આવી તો તેને થોડુંક ઓડ લાગ્યું. માશા, માશીને કશું કહી રહ્યાં હતા. એના આવતા જ બન્ને જાણે ચૂપ જ થઈ ગયાં.

પરાણે હસીને માશીએ કહ્યું, “આવી ગઈ અદિતિ બેટા ? દીદી અને જીજાજી મજામાં છે ને ? તું બસમાં આવી, થાકી હોઈશ. ફ્રેશ થઈને સૂઈ જા. કાલે સવારે પાછી કોલેજ શરૂ, હેં ને ? ભૂખ લાગી છે ?”

“ના માશી, મમ્મીએ બહુ ખવડાવ્યું. તમારા માટે નાસ્તા મોકલ્યા છે. અને હા, મમ્મી-પપ્પા મજામાં. ડોલી સૂઈ ગઈ ?”

“હા, બેટા. તું પણ જઈને સૂઈ જા.”

ફ્રેશ થતા થતા એને યાદ આવી ગઈ, અહીં પહેલી વાર આવવા તૈયાર થતી હતી ત્યારની, મમ્મી-પપ્પાની વાતો. “મારી દીકરી રોજ ઘરનું ખાવાનું તો ખાશે, હોસ્ટેલ કે PGમાં રહે તો ગમે તેવી સંગતમાં,



ખબર નહીં કેવી અસર પડે !" મમ્મી સ્વાભાવિક રીતે ડબ્બા ભરતા ભરતા બોલતી હતી.

"હા, અને કાંઈ તકલીફ થાય તો માશા-માશી પાસે હશે, એટલે ચિંતા નહીં." પપ્પા પણ મારા પર્સમાં પૈસા મૂકતા મૂકતા બોલ્યાં. "છોકરું, ભલે ને ગમે એટલું મોટું થઈ ગયું હોય, પણ દૂર રહેવા જાય, ત્યારે ચિંતા તો રહે."

અદિતિએ અટકાવ્યા, "તમે ચિંતા ના કરો, વ્હાલી માશીને ઘેર રહેવા જાઉ છું. પહેલા પણ વેકેશનમાં જતી જ હતી ને ?"

"પણ એ થોડા દિવસ માટે અને તે પણ અમારી સાથે. આ સાવ જુદું હશે."

"હા, તારી માશી મારી જેમ હાઉઝવાઈફ નથી. સવારે ઓફિસ જતા ડોલીને પાસેના ડે-કેરમાં મૂકતી જાય અને પાછા આવતા લેતી આવે. માશા પણ મોટાભાગનો દિવસ બહાર કામ પર હોય."

અદિતિએ વિચારી રાખ્યું હતું. "માશા ઓછું બોલે છે, પણ માશી સાથે સારું ફાવશે. કામકાજના દિવસોમાં એમનું રોજનું રૂટીન ફિક્સ છે. મારે તો સોસાયટીની બહારના બસ સ્ટેન્ડથી જ કોલેજની બસ પકડવાની હશે અને દર શનિ-રવિ ઘેર અવાશે. જ્યારે બોર થવાશે ત્યારે, ઢીંગલી જેવી એમની ડોલી સાથે રમવામાં ટાઈમ પાસ પણ મસ્ત થઈ જશે."

પણ જેવું બધું વિચાર્યું હોય, એવું ખરેખર થતું હોય છે દર વખતે ?

બહારથી માશાનો જરા જોરથી અવાજ આવતા અદિતિનું ફ્લેશ બેક તૂટ્યું. રૂમમાં અધખુલ્લા બારણાં પાસે ઊભી રહી. માશા-માશીની વાત સાંભળવાની કોશિશ કરી.

"તારે એને કહેવું પડશે. આવી શેઠાઈ ચાલે ? બીજાને મદદ કરવાની તો દૂર, કમસે કમ પોતાના કામ તો એ જાતે કરે. તારા મોટા બહેન કાંઈ કહેતા નથી

આટલી મોટી આળસુ દીકરીને ?”

અદિતિ આ સાંભળીને બેચેન થઈ ગઈ. પાછું ઘર યાદ આવી ગયું. હમણાં ઘેર ગઈ હતી ત્યારે મમ્મી-પપ્પાએ જાણે વર્ષોથી વિખુટી પડેલી દીકરી પાછી મળી હોય એમ પ્રેમ વરસાવ્યો હતો. મમ્મીએ ભાવતું બનાવ્યું હતું અને પપ્પાએ જરૂરની અને જરૂર ના હોય એવી વસ્તુઓ પણ ખરીદી આપી હતી. બે દિવસ જાણે ઊંઘવામાં જ પતી ગયા એવું લાગ્યું હતું.

“તું ત્યાં, માશા-માશીની સાથે એડજસ્ટ થાય છે ને, બેટા ? એમને તારા લીધે કોઈ વધારાની તકલીફ તો ના જ પડવી જોઈએ.” મમ્મીએ નીકળતી વખતે ધીરેથી પાછું યાદ કરાવ્યું હતું.

“હા મમ્મી, હું જવાની હતી ત્યારે પણ તમે આ જ બધું કીધું હતું. કોઈ તકલીફ નથી આપતી હું એમને. મારી રીતે મારા ટાઈમે જાતે કોલેજ જતી રહું છું. એમના રૂટીનમાં હું જરાય વચ્ચે નથી આવતી.”

“હું તો ઘરમાં હોઉં એટલે તારા કામ હું કરી દઉં, પણ બેટા, તારી માશીને તો જોબ અને ઉપરથી ડોલી. તું ડોલીને સાચવે છે ? પોતાના કામ તો તું જાતે કરે છે ને ? ત્યાં આળસ ના કરતી, ટેવ પાડજે ઘરમાં કામકાજમાં મદદ કરવાની.”

“આળસ ? હું મારા કામ તો જાતે જ કરતી હોઉં ને ! મારું તો શું, મારા ફ્રેન્ડઝનું પણ કામ કરી આપતી હોઉં છું, પૂછી જુઓ કોઈને પણ કોલેજમાં. તમને તો મારા ઉપર ગર્વ થવો જોઈએ, હું મારા હેલ્પીંગ નેચર માટે ફેમસ છું.”

“કોલેજની વાત નથી, માશા-માશીને તારું કશું ના કરવું પડે એ જોજે. મારી મા કહેતી, ક્યાંય પણ જઈએ તો યાદ રાખજે કે માણસ વ્હાલું નથી હોતું, એનું કામ વ્હાલું હોય છે. સમજી દીકરા ?” મમ્મીએ વિઝડમનો વારસો આપ્યો.

“ઘરના કામમાં મદદ કરીને ફેમસ નહીં થવાય.





પણ રીમેમ્બર. ચેરિટિ બીગિન્સ ફ્રોમ હોમ" પપ્પાએ ઉમેર્યું.

"ok, ok, મમ્મી, સમજી ગઈ, ચલો બાય. મારી બસ આવી ગઈ. બાય પપ્પા. પાછી રજામાં આવીશ.

મનમાં મમ્મીના શબ્દો ગૂંજ્યા, "તારા પોતાના કામ તો તું જાતે કરે છે ને, બેટા ? યાદ રાખજે, માણસ વ્હાલું નથી હોતું, એનું કામ વ્હાલું હોય છે. સમજી દીકરા ?"

અદિતિએ મનમાં ચેક કર્યું. સવારે હું મારી જાતે જ તો તૈયાર થાઉ છું. જાતે બસમાં આવ-જા કરું છું. મારા કોલેજના કામ પણ જાતે પતાવું છું. હાસ્તો, મારા પોતાના કામ તો હું જાતે કરું છું ! તો પણ માશા..."

પાછું માશાના શબ્દો પર કાન ગોઠવાયા અદિતિના.

"સાસરે જશે તો શું તારી જેમ કે તારા મોટા બહેનની જેમ એની સાસુ એના કામ કરશે ? એના કપડાં ધોશે ? ઈસ્ત્રી કરી આપશે ? અરે, તું રસોઈ બનાવે તો મદદ કરવાની તો દૂર રહી, પણ જાતે પોતાનો લંચબોક્સ તો ભરવો જોઈએ કે નહીં ?"

"બસ હવે, હું એને સમજાવીશ," માશી દબાયેલા અવાજે શાંત પડતા હતા.

"અરે એને રૂમ આપ્યો છે, જોયો છે, કેવો કર્યો છે ? શાંતા પણ બૂમ મારતી હતી કે ક્યાંથી કરું કચરા-પોતા ? સામાન બધે વેર-વિખેર હોય છે. કપડાં, ચોપડાં, નાસ્તો પણ વેરાયેલો હોય છે. અરે, એના ધોવાના કપડાં પણ એ જાતે વોશિંગ મશીનમાં ના નાખે ? રોજ શાંતા મોં બગાડીને, એના બાથરૂમમાંથી લઈને મશીનમાં નાખે છે."

અદિતિએ રૂમમાં નજર ફેરવી તો દેખાયું. વાત તો સાચી છે.

"શાંતા કંટાળીને કામ છોડી જશે, કહી રાખું છું. પછી કરજે જોબ છોડીને તારી આ કામચોર આળસુ ભાણીની સેવા."

આટલું સાંભળીને અદિતિની આંખો ભરાઈ આવી. પલંગમાં જઈને ઓશિકામાં મોં નાખી દીધું.



# પારકા માટે જીવવું એટલે...


**નીરુમા :** પરોપકાર એટલે શું ? પારકા માટે જીવવું. આપણા મન-વચન-કાયા પારકા માટે કાઢવા.

આપણે અત્યાર સુધી આપણા માટે... બધાને શું હોય કે પોતાના માટે જ જીવવાનું હોય. પોતે 'અપ ટૂ ડેટ' થઈને ફરે, પોતાનું બધું સાચવે ને પોતાની બધી સગવડો, પોતાનું બધું જુએ. ઘરના બધા પણ પોતાનું બધું સાચવે એવું જોઈએ.

આપણે કોઈના માટે કંઈ કરવાનો વખત આવે તો આપણને થાય કે 'હં, આપણે શું ?', 'મને ટાઈમ નથી', 'મને નથી ગમતું', 'હું શા માટે કરું ?' ઘરમાં એવું થાય ને ? મમ્મી-પપ્પા માટે થાય ને ? મમ્મી કશું કામ કહે તો 'હં, મારે નથી કરવું', 'મને ટાઈમ નથી', 'મારે બીજું ઘણું બધું કરવાનું છે.' એવું થાય ને ? છોકરીઓને તો થાય વધારે. સાચું કહેજો !

તો પછી મમ્મી પણ એવું કહે તો શું થાય ? હેં ? 'મને ટાઈમ નથી છોકરાંઓ માટે', 'મારે મારું બધું બહુ કરવાનું છે', 'હું ના કરું રસોઈ', 'હું કશું કઈ કપડાંનું ધ્યાન નહીં રાખું', 'હું કંઈ ઘર સાફ નહીં રાખું' તો શું થાય ? ચાલે ? ના ચાલે !

એટલે ત્યાં આપણે એ ધ્યાન રાખવાનું કે આપણે પણ આપણો બહુ નહીં તો થોડોક ફાળો આપવાનો. અને ટાઈમ નક્કી કરવાનો અડધો કલાક.



ભાઈઓએ, છોકરાંઓએ પણ હં કે ? ટાઈમ આપવાનો, કે આટલું કામ, ઘરે મમ્મીને કે પપ્પાને હેલ્પ માટે અડધો કલાક આપો, કે કલાક આપો. રવિવારને દહાડે આપો કે પછી આડે દહાડે, જે નક્કી કર્યું હોય એ ટાઈમ આપો.

આંબાનું ઝાડ જોયું છે કોઈએ ? આંબાનું ઝાડ જોયું છે, મેંગો ટ્રી ? હા, એ મેંગો ટ્રી શું કરતુ હશે ? અત્યારે (ઉનાળામાં) તો બધા મેંગો થાયને ફર્સ્ટ ક્લાસ ! મેંગો થાય તે પછી ઝાડ ઉપર આવે ને ? તે મેંગો બધા ઝાડ પોતે જ ખાઈ જતું હશે ? એકલું એકલું રાત્રે ખાઈ જતું હશે, છાનુંમાનું ? ના ખાય, નહીં ? તો કોના માટે, શું કરે એ ? હા, આપણા માટે.

ઝાડ તો કઈ માગે છે પૈસા-બૈસા કશું માગે છે ? એનો માલિક લઈ જાય છે, એ તો આપણા જેવો જ હોય હં, માણસ જ. ઝાડ ના માગે, માણસો માગે. પણ ઝાડ માગે છે ? કેટલો તાઢ-તડકો આ, તે બધું વેઠીને, મહેનત કરી અને કેરી પકવે છે, તૈયાર કરી આપે છે. તોય એને કંઈ પડી નથી પોતે વાપરવાની, ખાવાની ! એ તો આ પારકા માટે જ ઉપરથી નીચે ફેંકે છે, “ખાઓ !” કહેશે. આંબા જેવું થવું જોઈએ.



આંબા જેવું, પારકા માટે જીવેને, એવું આપણે પણ પારકા માટે જીવવું જોઈએ ! આપણને મનુષ્યદેહ મળ્યો છે, આવો સરસ મળ્યો છે, તો જેટલું આપણે બીજાના માટે હેલ્પ કરીએ, બીજાના માટે વાપરીએ, તો આ કંઈક લેખે લાગશે. નહીં તો પોતાના માટે જ જીવશે ને પોતાના માટે જ કરશે, એ તો હ્યુમનમાંય ના કહેવાય !

# એન્ટિક ફાનસ

ચિરાગ એક યુથ, નવો નવો માસ્ટર્સ કરીને ગ્રેજ્યુએટ થયેલો. કેમ્પ્સ ઈન્ટરવ્યૂમાં એને એક સારી જોબ પણ મળી ગઈ. ચિરાગ અને એના મમ્મી - પૂજાબેન, એક નાના શહેરમાં, નાનકડાં ઘરમાં ભાડે રહેતા.





પૂજાબેન - એક સિંગલ મધર, પણ ચિરાગ માટે બેસ્ટ ફ્રેન્ડ્ વધારે. પૂજાબેનની ઈતિહાસના ટીચરની જોબ. સાંજે ઘેર આસપાસના જરૂરિયાતવાળા છોકરાંઓને ફ્રીમાં ટ્યુશન પણ આપે. અરે... ના, ના, સિંગલ મધર એટલે વિધવા, બિચારી, બાપડી, દુઃખિયારી એવી ટિપિકલ ઈમેજ ઊભી ના કરતા. પૂજાબેન ખરેખર ખૂબ જ પ્રેમાળ, ખુશમિજાજી અને સંતોષી હતા. ટૂંકમાં, આજની જનરેશનની ભાષામાં, એક *"કુલ મધર"* કહી શકાય. એમને ઉત્સાહથી દોડીદોડીને લોકોના કામ કરતી જોઈને, દયા તો દૂર, નવાઈ લાગે કે એકલે હાથે દીકરો, નોકરી અને ઘરકામ સાંભળવાની સાથે સાથે સમાજ સેવા, આ બધું કરવાની એનર્જી કઈ રીતે આવતી હશે !! જ્યાં ચાન્સ મળે ત્યાં લોકોને એમનાથી બનતી મદદ કરે, પછી ભલેને એ નાના-મોટા ઘરના કે બહારના કામકાજમાં હોય, કે ફક્ત હુંફાળા શબ્દ હોય.

મિડલ ક્લાસ હોવા છતાં, નાનપણથી ચિરાગે જોયું છે કે મમ્મી ભીંસમાં પણ ઘણીવાર લોકો માટે ટાઈમ કે પૈસા ખર્ચતા. બહાર ફરવા જવાના નામ પર મમ્મી ક્યાંક વૃદ્ધાશ્રમ કે અનાથાશ્રમમાં જેવી જગ્યાએ લઈ જાય અને ઘેર બનાવેલી નાસ્તાની ઉજાણી કરાવે. ચિરાગને ઘણીવાર ભીંસ વર્તાતી. આસપાસમાં કે ફ્રેન્ડ્ઝ સાથે મનોમન સરખામણી થઈ જતી, તો કોઈ વાર એને ઓછું આવતું. અંદરોઅંદર ફ્રસ્ટ્રેશન પણ આવતું. મમ્મી આગળ એ ફ્રસ્ટ્રેશન કાઢવામાં એને કોઈ સંકોચ નહોતો નડતો.

"નોટ ફેર મમ્મી, આપણી લાઈફમાં જ કેમ આટલી બધી સ્ટ્રગલ...? દરેક વાતે જે હોય એમાં ચલાવી લેવાનું...? મારી માંગણીઓ પર, નાનપણથી

ચાલશે, ભાવશે, ફાવશેના ફંડા શિખવાડે, અને બીજાને માટે, આપણું માંડ માંડ થોડું ભેગું થયેલું સેવીંગ્સ લુટાવી દે... એવું ચાલે મમ્મી ? લાઈફ તો અનફેર છે જ પણ, મમ્મી તમે પણ...? હવે તો હું મોટો થયો, કમાતો થયો, તો પણ આપણે તો ત્યાં ના ત્યાં... તમે, ઈન્કમ વધતાં તમારી સોશિયલ સર્વિસ વધારી દીધી. આ તો 'ઘરના ઘંટી ચાટે ને પાડોશીને આટો' જેવી વાત થઈ ને !" ચિરાગે એક શ્વાસમાં પ્રશ્નોની ઝડી વરસાવી.

પૂજાબેને પૂરા ધ્યાનથી સાંભળીને ઠંડક સાથે જવાબ આપ્યો,

"ઓહો ! મારા એંગ્રી યન્ગ મેન... આપણને ક્યાં તકલીફ પડે છે ? લાઈફ ઈઝ ગુડ... ઊલટું હવે તો તું ભણીગણીને મસ્ત જોબ કરતો તૈયાર થઈ ગયો, હવે તો આપણે ઓર જલસા..."

"ક'મોન, મમ્મી ! તમે હવે જોબ કરવાની બંધ કરો, ટ્યુશન્સ બંધ કરો, ટેક અ બ્રેક... સમજણો થયો ત્યારથી તમને થાક્યા વગર કામ કરતા જ જોયા છે... હવે હું તમારી અને મારી નીડ્સ એન્ડ વોન્ટસ (જરૂરિયાતો અને ઈચ્છાઓ) બન્ને ફૂલફીલ કરી શકું એટલું તો કમાઉં છું. તમે જો આ બીજા પાછળ ખર્ચવાના બંધ કરો, તો વહેલા-મોડા એક નાનું એપાર્ટમેન્ટ પણ ખરીદી શકીશું. તમને કોઈ દિવસ પોતાના માટે કોઈ ઈચ્છા નથી થતી ?"

"ચિરાગ બેટા, હું બીજા માટે નહીં મારા માટે જ ખર્ચુ છું. તને સમજાશે, જ્યારે તું ખર્ચીશ" હસીને ચિરાગને માથે ટપલી મારીને પૂજાબેન પાછા બિઝી થઈ ગયા.

ચિરાગને માટે પઝલ એ વાતની હતી કે મમ્મીની આંખોમાં ક્યારેય દુઃખ કે ઊણપ તો જરાય નહોતી દેખાતી. ઊલટું, એક ગજબની ચમક રહેતી. એનું એને નાનપણથી કાયમ જબરજસ્ત કૂતુહલ રહેતું. એને એ જોવું હતું, અનુભવવું હતું જે મમ્મી જોતાં, અનુભવતા.


સોસાયટીમાં ઘણીવાર ઈલેક્ટ્રીસીટી જતી રહેતી. એક ચોમાસાની સાંજે, સતત વરસાદ વરસતો હતો. પંચાલદાદાના ઘરની લાઈટ ઝબકતી હતી. પંચાલદાદા એટલે એમના મકાન-મલિક. પહેલા બીજા શહેરમાં રહેતાં હતા. હમણાં હમણાં, એમના દીકરા-વહુના વિદેશ ગયાં પછી, અહીં રહેવા આવી ગયા. બાજુમાં જ એમનું બાપ-દાદાનું મકાન હતું એમાં રહેતા હતા. ગયા મહિને, મમ્મી સાથે ચિરાગ ભાડાનો ચેક આપવા ગયો હતો ત્યારે જ એમને મળ્યો હતો. પંચાલદાદાને આંખે નહીં જેવું દેખાતું. કાને ઊંચું સાંભળતા. કામવાળાબેન પૈસાની ગરજે કામ કરે, બાકી મરજીથી તો કોઈ એમની નજીક ના ફરકે. કારણ કે પંચાલદાદા એમના ચીડિયા સ્વભાવ માટે જાણીતા હતા અને એકલા રહેવાનું પસંદ કરતા.

ચિરાગને થયું કે મમ્મી બિઝી છે, નહીં તો એ જ દોડત કે બિચારા ઘરડાં દાદાને મદદની જરૂર હશે. પણ પોતે મદદ કરવા ગયો અને વઢ ખાઈને પાછો આવ્યો. પૂજાબેને જોયું અને એનું મોં જોઈને સમજી ગયા કે શું થયું હશે. "ધેટ્સ માય બોય !" શાબાશીના ટોનમાં એમણે કીધું. ત્યાં લાઈટ આવી, અને ત્યારે જ દાદાને ઘેર મોટો ધડાકો થયો. ચિરાગ પાછો દોડી ગયો. દાદાની ગાળો ખાતા ખાતા પણ સર્કીટમાં ફોલ્ટ શોધી કાઢ્યો, અને ફ્યુઝ સરખો કર્યો. અજવાળું થતા દેખાયું કે દાદા તો નીચે પડી ગયાં હતા. એ ડોક્ટરને બોલાવી લાવ્યો. પૂજાબેન અને ચિરાગે એમની સારવાર કરી. બીજા દિવસથી નર્સ આવતી. ચિરાગ રોજ સાંજે જોબ પછી મળવા જતો. આ દરમિયાન પંચાલદાદા ચિરાગને નિયમિત મળવાથી થોડા પીગળ્યા હતા. કોઈ વાર એમની પરિવારની જૂની વાતો કરતા. એ વાતો પરથી

## અને ત્યારે જ દાદાને ઘેર મોટો ધડાકો થયો. ચિરાગ પાછો દોડી ગયો. દાદાની ગાળો ખાતા ખાતા પણ સર્કીટમાં ફોલ્ટ શોધી કાઢ્યો, અને ફ્યુઝ સરખો કર્યો. અજવાળું થતા દેખાયું કે દાદા તો નીચે પડી ગયાં હતા.

ચિરાગને લાગ્યું કે દાદા કાયમ આવા ચીડિયા સ્વભાવના તો નહોતા.

એકવાર, પંચાલદાદાએ એક ખાસ વાત શેર કરી. એમની પાસે એક એન્ટિક, વંશપરંપરાગત વસ્તુ હતી, એક નાનકડુ પિત્તળનું ફાનસ, જે એમના વડવાઓના કહેવા પ્રમાણે, શુકનવંતુ હતું. સામાન્ય ફાનસ જેમ એ અજવાળું તો આપતું પણ અસામાન્ય વાત એ હતી કે શાંતિ અને સમૃદ્ધિ માટે એને સાચવવાનું એમના પરદાદા કહી ગયાં હતા. અહીં રહેવા આવ્યાં, ત્યારે સામાનમાંથી એ ચોરાઈ ગયું. આ વાત ચિરાગે સાંભળી. દાદાને એ લોકો માટે અવિશ્વાસ અને કડવાશ ત્યારથી આવ્યા હશે, એવું ચિરાગે તારણ કાઢ્યું.



ચિરાગે પૂજાબેનને કહ્યું અને એમના માટે કંઈક કરવાનું નક્કી કર્યું. બન્નેએ દાદાના ચોરાયેલા ફાનસને શોધવાનું બીડું ઝડપ્યું. લોકલ એન્ટિક ડીલરો પાસે અને ચોર બજારોમાં શોધ્યું. બહુ પ્રયત્નો પછી એક જૂની કબાડીની દુકાનેથી જડ્યું. દાદાના કરેલા વર્ણન પ્રમાણે, આ એ જ લાગતું હતું. તે ફાનસ થોડાં વખત પહેલા એક ચોરે એ કબાડીને વેચ્યું હતું, એવું એ કબાડીએ કીધું. એ મહિનાના બચતના બધા પૈસા આપીને ચિરાગ, હોંશે હોંશે એ ફાનસ લઈ આવ્યો.

એણે પૂજાબેન સાથે મળીને પોલિશ કરીને એને ચમકાવ્યું અને દાદાને સરપ્રાઈઝ આપી. ફાનસ હાથમાં લેતા જ, દાદાની આંખોમાં આંસુ આવી ગયા. એમણે ચિરાગની સામે જોયું અને "થેંક યૂ" પણ બોલી ના શક્યા ! દાદાના આંસુ જોઈને પહેલી વાર ચિરાગની આંખમાં પેલી ચમક આવી.

તે રાત્રે, પંચાલદાદાએ પ્રાર્થના કરીને દેવસ્થાને ફાનસ સળગાવ્યો. ઓરડામાં અજવાળાની સાથે ચહેરા પર એમની સ્માઈલ પણ પથરાઈ. પહેલી વખત એ હસતા દેખાયા.

અઠવાડિયા પછી, પંચાલદાદા ઊંઘમાં શાંતિથી મૃત્યુ પામ્યા. તેમના વસિયતનામામાં, એમણે, જેમાં પૂજાબેન અને ચિરાગ ભાડે રહેતા હતા, એ ઘર પૂજાબેનને નામે અને એન્ટિક ફાનસ ચિરાગને નામે કર્યા હતા. વકીલ એમને ઘરના કાગળિયાં અને ફાનસ આપી ગયા.

ચિરાગ આ જાણીને સ્તબ્ધ થઈ ગયો અને એની આંખોના આંસુ સરી પડ્યાં. પૂજાબેન પણ સ્તબ્ધ હતા, પણ ચિરાગને જોઈને સ્વસ્થ થયા. એને બાથમાં લઈને માથે હાથ ફેરવીને શાંત પાડવાની કોશિશ કરી રહ્યા હતા.



**જે શાંતિ મળતી હતી, એની એને આદત પડી રહી હતી. એની ફરિયાદો તો બંધ જ થઈ ગઈ હતી. ચિરાગ અંદરથી ખૂબ જ ખુશ રહેતો હતો. એની આંખોમાં એક સંતોષ દેખાતો હતો.**


પૂજાબેનના મનમાં વિચારો ફરી વળ્યાં, "આ પહેલી જ વાર બન્યું છે, કે કોઈ અજાણી વ્યક્તિ સાથે ચિરાગ આટલા ઓછા ટાઈમમાં, આટલો અટેચ થઈ ગયો છે. પંચાલદાદાને ઘેર જવું, એમની સેવા કરવી, એ ચિરાગનું રોજનું થઈ ગયું હતું, અને એને ખબર પણ નહોતી પડી, કે એ સેવા કરવામાં, એને પોતાનો અંદરનો જે આનંદ મળતો હતો, જે શાંતિ મળતી હતી, એની એને આદત પડી રહી હતી. એની ફરિયાદો તો બંધ જ થઈ ગઈ હતી. ચિરાગ અંદરથી ખૂબ જ ખુશ રહેતો હતો. એની આંખોમાં એક સંતોષ દેખાતો હતો."

પણ ચિરાગને ક્યાં ખબર હતી, કે એની આ ખુશીમાં પૂજાબેન પણ એટલા જ ભાગીદાર બન્યા હતા. ચિરાગ પંચાલદાદાને મદદ કરવામાં, જ્યારે ફાનસની શોધમાં, હતાશ થવાનો જ હતો, ત્યારે એને ખબર ના પડે એ રીતે પૂજાબેને કંઈક કર્યું હતું.

પૂજાબેને ચોર બજારમાંથી એક એન્ટિક ફાનસ ખરીદીને, ચિરાગના કરેલા વર્ણન પ્રમાણે ફેરફાર કરીને તૈયાર કરાવ્યો હતો. અને પૂજાબેને જ પેલા કબાડીને, ચિરાગને એ વેચવાનું કહ્યું હતું. પોતાના ઈતિહાસના ટીચર હોવાનો ફાયદો અને દાદાની નબળી નજરનો એક ચાન્સ લીધો હતો. પણ એના પરિણામે, ચિરાગે, કોઈ પણ બદલાની આશા વગર, નિઃસ્વાર્થ સેવા કરવાથી મળતાં અંદરના સુખનો સ્વાદ ચાખી લીધો હતો.

હવે એ પંચાલદાદાના મળેલા અંતરના આશીર્વાદ ક્યારેય નહીં ભૂલે. એની સૌથી મોટી કમાણી હતી, દાદાની એ છેલ્લી સ્માઈલ,જે પેલા ખોટા એન્ટિક ફાનસના અજવાળા કરતા પણ વધારે બ્રાઈટ હતી, સાચી હતી !

# લોકસેવા, બીગિન્સ ફ્રોમ હોમ !



**પ્રશ્નકર્તા :** જે લોકો લોકસેવામાં આવ્યા, એ શેના લીધે આવ્યા હશે ?

**દાદાશ્રી :** એ તો ભાવના સારી. લોકોનું કેમ કરીને સારું થાય, એટલા માટે ઈચ્છા. લાગણીઓ સારી ત્યારે ને !


એ તો ભાવના-લાગણીઓ લોકોના તરફ કે આ લોકોને જે દુઃખ થાય છે, તે ના થાય તેવી ભાવના છે તેની પાછળ. ઊંચી ભાવનાને બહુ ? પણ લોકસેવકોનું મેં એ જોયું, સેવકોને ઘેર જઈને પૂછીએ છીએ ને, ત્યારે પાછળ ધૂમાડા નીકળે છે, એટલે એનું નામ સેવા ના કહેવાય. સેવા ઘરથી હોવી જોઈએ. બીગિન્સ ફ્રોમ હોમ. પછી નેબરર્સ. પછી આગળની સેવા. આ તો ઘેર જઈને પૂછીએ ત્યારે ધૂમાડા નીકળે છે. કેમ લાગે છે તમને ? માટે પહેલેથી ઘરથી હોવી જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** ભાઈ કહે છે, એમના કેસમાં ઘરે ધૂમાડા નથી.

**દાદાશ્રી :** આનો અર્થ એ થયો કે એ સાચી સેવા છે.


દાદા ભગવાન કથિત
સેવા-પરોપકાર
તમારા ફળ બીજાને આપો તો કુદરત તમારું ચલાવી લેશે.






**“સંસારના સુખો જોઈતા હોય,**
**ભૌતિક સુખો,**
**તો તમારી પાસે જે કંઈ**
**હોય તે આપો લોકોને.”**

- પરમ પૂજ્ય દાદા ભગવાન

# Akram Youth Magazine

## Free Download



ગુજરાતી, हिंदी, English

akramyouth.org

# દાદાશ્રી કાયમ પારકા માટે વિચારતા



પરમ પૂજ્ય દાદાશ્રીએ આખી જિંદગી પોતાના સુખનો વિચાર નથી કર્યો, બસ પારકાના સુખ માટે જ જીવ્યા છે. જે પારકાના સુખ માટે જીવે તેને આખી જિંદગી કોઈ દુઃખ ન પડે.

ખુદ તેમના મિત્રો કહેતા કે 'તમારો વ્યવહાર સૂપર હ્યુમનનો છે !' સૂપર હ્યુમન એટલે જે પોતાનું સુખ પોતાને જરૂર હોવા છતાં બીજાને આપી દે. કોઈ પોતાનું દસ વખત નુકસાન કરે, તોય તેની મુશ્કેલીમાં તેને મદદ કરે, એ સૂપર હ્યુમન કહેવાય.

વીસ વર્ષની યુવાન વયે દાદાશ્રીએ નક્કી કર્યું હતું કે કોઈ પણ માણસ એમને મળ્યો એટલે એને લાભ થવો જ જોઈએ !

નાનપણમાં મધર શાક લાવવા કહે તો ઘરેથી નીકળતા આખી પોળમાં બધાને પૂછતાં જાય કે કોઈને કંઈ લાવવું છે ?




પોતાની કોઈ ગમતી વસ્તુ બીજા કોઈને પસંદ પડી જાય, તો એક મિનિટનો વિચાર કર્યા વગર સામાની ખુશી માટે તેને આપી દેતા.







પોતે ટ્રેનમાં મુસાફરી કરતા હોય, અને આજુબાજુ ઓળખીતા લોકો મળી જાય, તો બધાની ટિકિટ પોતે કઢાવી આપતા.




માણસો જ નહીં, ઘોડા જેવા પ્રાણીઓ માટે પણ વિચારે. ઘોડાગાડીમાં બેઠા હોય ત્યારે ઘોડાગાડીવાળાને કહેતા કે ઘોડાને ચાબૂક ના મારે, અને ભાડા કરતા વધારે પૈસા આપીને ઘોડાને સરસ જમાડવા કહેતા.




**એ જ ભાવનાના ફળરૂપે પરમ પૂજ્ય દાદાશ્રીને અદભુત અક્રમ વિજ્ઞાન પ્રગટ્યું !**

આપણે પરમ પૂજ્ય દાદાશ્રી જેવું બીજું કશું ના કરીએ તો એટ લીસ્ટ ભાવ ચોખ્ખો અને ઊંચો તો રાખી જ શકીએ, કે આપણે બને એટલી બીજાને હેલ્પ કરવી છે, પારકા માટે જીવન કાઢવું છે.

# કવિતા

જેનું જીવન છે, પારકાને આપી દેવાનું...
પછી એને રહેતું નથી, માંગીને લેવાનું...

સુખનું તો સાવ, સીધું સાદું રહસ્ય છે...
જે સામાને આપે, એને સુખ પ્રાપ્ય છે...

પર કાજ જીવે, અંતર શીતળતા રહે...
ન મળે છો, બહારના ઉપાય લાખ કરે...

જ્ઞાનીઓના જગ કાજ, ભવો ગયા છે...
મોક્ષ હતો હાથમાં, તોય અહીં રહ્યા છે...

શરુઆત સેવાની, માતા-પિતાથી કરો...
પછી બધુંજ લગાવીને, જ્ઞાનીને ટેકો ધરો..

દાદાના યુવાનો દ્વારા

**વર્ષ: ૧૨, અંક : ૮**
**સળંગ અંક : ૧૪૦**
**ડિસેમ્બર ૨૦૨૪**

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/2023-2025 valid upto 31.12.2025
Licensed to Post without Pre-payment
No. PMG/NG/104/2023-2025
valid upto 31.12.2025
Posted at Adalaj Post Office on
22nd of every month

# અક્રમ યુથ મેગેઝીનનું પ્રિન્ટીંગ બંધ કરવા બાબતે માહિતી.

જય સચ્ચિદાનંદ મહાત્માઓ,

આજના યુવાનો મેગેઝીન ઓનલાઈન વધુ વાંચી લેતા હોય છે. માટે અક્રમ યુથ (ગુજરાતી) સભ્યોની સંખ્યા ઓછી થતી જાય છે. આ કારણસર આપણે જાન્યુઆરી, 2025 થી અક્રમ યુથ મેગેઝીન પ્રિન્ટ કરવાનું બંધ કરીએ છીએ. **2025 થી અક્રમ યુથ મેગેઝિનના અંક દર બે મહિને એક વખત બહાર પડશે, અને તે AKonnect તેમજ youth.dadabhagwan.org પર નિ:શુલ્ક ઉપલબ્ધ રહેશે.** ડીસેમ્બર, 2024 પછી અક્રમ યુથ મેગેઝીનના જે સભ્યોની મેમ્બરશિપ બાકી હશે એમને રીફંડ આપવામાં આવશે. રીફંડ મેળવવા માટે નીચે જણાવેલ QR code સ્કેન કરવું અને આપના મેગઝીન અને બેંક ખાતા સબંધી વિગતો ભરવાની રહેશે.

આ ફોર્મ તા. 15 જાન્યુઆરી, 2025 સુધી ભરી દેવા વિનંતી. રીફંડની રકમ **(31 જાન્યુઆરી ,2025)** સુધી આપના બેંક ખાતામાં જમા કરી દેવામાં આવશે. આપને આ સંબંધી કોઈ પ્રશ્ન હોય તો મેગેઝીન ટીમને dadavani@dadabhagwan.org અથવા મોબાઈલ +91 81550 07500 પર સંપર્ક કરવા વિનંતી.

**- મેગઝીન ટીમ, અડાલજ.**

**રીફંડ મેળવવા માટે**
**QR code સ્કેન કરો**

**Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org**
**Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation**
**Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhtral-Pratappura Road, At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.**